# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

****************************************************

1. **મક્કાથી મદીના જઈ રહેલી બસ ડીઝલ ટેન્કર સાથે અથડાતાં અનેક ભારતીય ઉમરાહ યાત્રાળુઓના મોત. પ્રધાનમંત્રીએ શોક વ્યક્ત કર્યો**
2. **ભારતીય જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓએ અમેરિકામાંથી LPG આયાત કરવા માટે એક વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા.**
3. **સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું - જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો થયો.**
4. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના ફરીદાબાદ ખાતે ઉત્તરીય ઝોનલ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરી.**
5. **બાગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના સામે ચાલી રહેલા કેસના આજે ચુકાદાની શક્યતા.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FUR. REV. MADINA-ACCIDENT

આજે વહેલી સવારે મક્કાથી મદીના જઈ રહેલી એક પેસેન્જર બસ ડીઝલ ટેન્કર સાથે અથડાતાં ઘણા ભારતીય ઉમરાહ યાત્રાળુઓના મોત થયાની આશંકા છે. આ ઘટના ભારતીય સમય મુજબ રાત્રે **1.30** વાગ્યે મુફ્રીહત નામના સ્થળે બની હતી. પ્રારંભિક અહેવાલો મુજબ , પીડિતોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ બસ મક્કાથી પરત ફરી રહી હતી અને અકસ્માત સમયે મદીના જઈ રહી હતી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે કહ્યું કે , રિયાધમાં દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ આ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને પરિવારોને સંપૂર્ણ સહાય આપી રહ્યા છે.

**(V/C: SARFIROZI)**

તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ આ અકસ્માત અંગે શોક વ્યક્ત કરતાં જણાવ્યું કે, બસમાં સવાર ઘણા મુસાફરો હૈદરાબાદના હતા.

દરમિયાન, હૈદરાબાદમાં રાજ્ય સચિવાલયમાં એક કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેનો નંબર 91 79979 59754 અને 99129 19545 છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MADINA ACCIDENT - PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મદીનામાં થયેલા બસ અકસ્માતમાં માર્યા ગયેલા ભારતીય લોકો માટે શોક વ્યક્ત કર્યો છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારજનો માટે સંવેદના અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી. તેમણે કહ્યું કે , રિયાધમાં દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ જનરલ શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યા છે.

અધિકારીઓ સાઉદી અરેબિયાના અધિકારીઓ સાથે પણ સતત સંપર્કમાં છે.

. . . . . . . . . . . . .

# INDIA US LPG

ભારતીય જાહેર ક્ષેત્રની તેલ કંપનીઓએ અમેરિકામાંથી લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ, LPG આયાત કરવા માટે એક વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે, કંપનીઓ વાર્ષિક આશરે 2.2 મિલિયન ટન LPG આયાત કરશે, જે યુએસ ગલ્ફ કોસ્ટથી મેળવવામાં આવશે. તેમણે કહ્યું કે , નાગરિકોને LPGનો સુરક્ષિત, સસ્તો પુરવઠો પૂરો પાડવા માટે સરકાર તેના LPG સોર્સિંગમાં વૈવિધ્યીકરણ કરી રહી છે.

શ્રી પુરીએ માહિતી આપી કે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન , ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના અધિકારીઓની એક ટીમે છેલ્લા કેટલાક મહિનાઓમાં યુએસની મુલાકાત લીધી હતી અને મુખ્ય યુએસ ઉત્પાદકો સાથે ચર્ચા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# ARMY CHIEF - TERRORISM

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નવી દિલ્હીમાં ચાણક્ય સંરક્ષણ સંવાદ , **2025**ના સમારોહને સંબોધતા જનરલ દ્વિવેદીએ આ મુજબ જણાવ્યું.

**(BYTE: UPENDER-TERRORISUM)**

સેના પ્રમુખે કહ્યું કે ઓપરેશન સિંદૂર માત્ર એક ટ્રેલર હતું જે **88** કલાકમાં સમાપ્ત થયું. તેમણે કહ્યું કે, ભારત ભવિષ્યમાં કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર છે. જનરલ દ્વિવેદીએ કહ્યું કે , જો પાકિસ્તાન ક્યારેય કોઈ દુઃસાહસ કરશે , તો ભારતીય સશસ્ત્ર દળો પાડોશી રાષ્ટ્રને ભારત સાથે જવાબદારીપૂર્વક કેવી રીતે વર્તવું તે શીખવશે.

સેના પ્રમુખે કહ્યું કે રાજ્ય પ્રાયોજિત આતંકવાદ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે તે હંમેશા પ્રગતિ અને વિકાસની વાત કરે છે. તેમણે કહ્યું કે , જ્યાં સુધી નવા સામાન્ય પરિસ્થિતિનો સવાલ છે, ભારત હંમેશા કહે છે કે પાણી અને લોહી એકસાથે વહી શકતા નથી અને વાતચીત અને આતંકવાદ એકસાથે ન હોઈ શકે.

જનરલ દ્વિવેદીએ માહિતી આપી કે ભારતીય સેનાના મુખ્ય આંતરરાષ્ટ્રીય સેમિનાર , ચાણક્ય સંરક્ષણ સંવાદની ત્રીજી આવૃત્તિ, **27**થી **28** નવેમ્બર દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. આ વર્ષના સંવાદની થીમ "પર્ફોર્મ ટુ ટ્રાન્સફોર્મ: સશક્ત, સુરક્ષિત ઔર વિકાસ ભારત" છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# BIHAR GOVERNMENT FORMATION

બિહારમાં, નવી સરકાર બનાવવા માટે **NDA** ના ઘટક પક્ષો વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. પટના અને નવી દિલ્હીમાં **NDA** ગઠબંધનના સભ્યો વચ્ચે સતત ચર્ચાઓ અને બેઠકો ચાલી રહી છે.

મંત્રીમંડળની રચના અને મંત્રી પરિષદમાં વિવિધ ઘટક પક્ષોના પ્રતિનિધિત્વ સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. **JDU** વિધાનસભા પક્ષ આજે પટનામાં પોતાના નેતાની પસંદગી માટે બેઠક કરશે. **JDU**ના **85** નવા ચૂંટાયેલા ધારાસભ્યો સર્વાનુમતે નીતિશ કુમારને પક્ષના ધારાસભ્ય નેતા તરીકે ચૂંટે તેવી શક્યતા છે.

ભાજપ પણ પોતાના ધારાસભ્ય નેતાની પસંદગી કરે તેવી શક્યતા છે. **NDA** વિધાનસભા પક્ષની બેઠક પણ આજે યોજાવાની અપેક્ષા છે.

. . . . . . . . . . . . . .

## SHAH - NORTHERN ZONAL COUNCIL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના ફરીદાબાદ ખાતે ઉત્તરીય ઝોનલ કાઉન્સિલની બેઠકની અધ્યક્ષતા કરી. ઉત્તરીય ઝોનલ કાઉન્સિલમાં હરિયાણા , હિમાચલ પ્રદેશ , પંજાબ, રાજસ્થાન, દિલ્હી, જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ અને ચંદીગઢના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓએ આ બેઠકમાં ભાગ લીધો. આ બેઠકમાં રાજ્ય સરકારો વચ્ચે સંકલન , પાણીની વહેંચણીના મુદ્દાઓ અને વિકાસ કાર્યો પર ચર્ચા કરવામાં આવી.

પૂલ – મયુર

# BANGLADESH SHEIKH HASHIN

બાંગ્લાદેશમાં, આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલ આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીના અને તેમના બે નજીકના સાથીઓ સાથે સંકળાયેલા માનવતા વિરુદ્ધના ઉચ્ચ પ્રોફાઇલ ગુનાઓના કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરશે.

સાંભળીએ એક અહેવાલ ..

**(V/C – નવલસંગ પરમાર)**

. . . . . . . . . .

# DUBAI AIR SHOW

દુબઈ એર શો આજથી સંયુક્ત આરબ અમીરાત ( UAE) માં શરૂ થઈ રહ્યો છે. આ બે દિવસીય કાર્યક્રમમાં ભારત પોતાની સંરક્ષણ શક્તિનું પ્રદર્શન કરશે.

સાંભળીએ એક અહેવાલ.....

(V/C: ANAND)

. . .

# SHAH- LAJPAT RAI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લાલા લજપત રાયને તેમના શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે સ્વતંત્રતા ચળવળમાં લાલા લજપત રાયના ક્રાંતિકારી વિચારો , ગરીબો, ખેડૂતો અને યુવાનોને સંગઠિત કરવા અને સશસ્ત્ર ક્રાંતિ કરવા માટે પ્રેરણા આપવા બદલ સ્વાતંત્ર્ય સેનાનીને યાદ કર્યા.

શ્રી શાહે કહ્યું, તેમના બલિદાનથી સ્વતંત્રતા સંગ્રામના વિખરાયેલા તાંતણાઓ એક થયા અને તેમને સ્વતંત્રતાની એક મહાન જ્યોતમાં પરિવર્તિત કર્યા. તેમણે બ્રિટિશ શોષણ અને જુલમ સામેની લડાઈમાં લાલા લજપત રાયની ભૂમિકા પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . .